प्रेस प्रकाशन

# ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 26 નવેમ્બર 2016

## RBI તરલતા (Liquidity) ની સ્થિતિની વ્યવસ્થા માટે પગલાં જાહેર કરે છે.

તારીખ 9 નવેમ્બર 2016 થી શરૂ કરીને રૂપિયા 500 અને રૂપિયા 1000 ના મૂલ્યવર્ગ ની બેંક નોટોના કાયદેસરના ચલણ તરીકે ના દરજ્જાને પાછો ખેંચવાની સાથે, બેંકઋણ માં થયેલા વિસ્તરણની સરખામણી એ ડીપોઝીટોમાં વધુ ઊછાળો / વધારો થયો છે. જે સીસ્ટમ માં ખૂબજ વધારાની તરલતા તરફ દોરી જાય છે. આવનારા પખવાડિયાઓમાં બેન્કિંગ પ્રણાલી / સીસ્ટમ માં ઉપલબ્ધ અતિરિક્ત તરલતા નું કદ વધુ વધવાની શક્યતા છે. આ અંગે, નીચે પ્રમાણે, પ્રમાણે, સંપૂર્ણ હંગામી પગલાં તરીકે, વૃદ્ધીશીલ રોકડ અનામત પ્રમાણ (Incremental CRR) લાગુ કરીને અતિરિક્ત તરલતા ના એક હિસ્સાને સમાવવાનું નક્કી કરવામાં આવ્યું છે:

a. CRR, બાકી ચોખ્ખી માંગ અને સામિયક જવાબદારીઓ (Net Demand and Time Liabilities) ના 4 % યથાવત રહે છે.

b. તારીખ 26 નવેમ્બર 2016 થી શરુથતા પખવાડિયા થી અમલમાં આવે તે રીતે ,16 સપ્ટેમ્બર 2016 અને અને 11 નવેમ્બર 2016 વચ્ચેના NDTL માં થયેલા વધારા પર શિડ્યૂલ્ડ બેન્કોએ 100 % નો વૃદ્ધીશીલ વૃદ્ધીશીલ CRR જાળવવો પડશે. આ પાછળનો આશય સૂચિત બેન્કનોટો (SBN) બેન્કિંગ પ્રણાલી /સીસ્ટમ માં પરત આવવાથી ઊભી થનાર અતિરિક્ત તરલતાનો સમાવેશ કરવાનો અને બેંકો પાસે અર્થ તંત્રના અર્થ તંત્રના ઉત્પાદક ક્ષેત્રોની ઋણ જરૂરીયાતો ને પૂરી કરવા પર્યાપ્ત તરલતા છોડવાનો છે. સીસ્ટમ માં ની ની અતિરિક્ત તરલતા ને પાછી ખેંચવા માટે રીઝર્વ બેંક ની તરલતા પ્રબંધ રૂપરેખા અંતર્ગત વૃદ્ધીશીલ CRR CRR ને હંગામી પગલાં તરીકે વિચારાયું છે, જો કે 9 ડીસેમ્બર 2016 કે તે પહેલાં તેની સિમક્ષા કરવામાં આવશે.

c. SBN બેલેન્સ ની રીઝર્વ બેંક અથવા કરન્સી ચેસ્ટોમાં ડીપોઝીટ ને સક્ષમ બનાવવા અને તેનું તુરંત મૂલ્ય મેળવવા રીઝર્વ બેન્કે Guarantee Scheme નું અલગ રીતે પુન:પ્રવર્તન કરેલું છે. આ પગલું પણ બેન્કોના વૃદ્ધીશીલ CRR ના અનુપાલનને સરળ બનાવશે.

Operational details are set out in a circular issued seperately

<u>સંચાલકીય વિગતો અલગ જારી કરેલ પરિપત્રમાં લખવામાં આવેલી છે.</u>

અલ્પના કીલાવાલા
પ્રધાન સલાહકાર

**પ્રેસ પ્રકાશન: 2016 – 2017/1335**